# ભાષા-પત્ર
**ઓગષ્ટ ૨૦૦૬**

ભાષા આંદોલનમાં જોડાયેલ પ્રિય મિત્ર,

આ પત્ર વાંચવાનું શરૂ કરો ત્યારે સાથે કાગળ અને પેન રાખજો. પત્ર વાંચતાં વાંચતાં તમારા મનમાં પ્રશ્ન જાગે તો એની નોંધ કરજો. મારૂ સરનામુ છે : ૬૨ શ્રીનાથધામ સોસાયટી, દિનેશ મીલ પાછળ, વડોદરા-૭. તમારા વિચાર મને પોસ્ટ દ્વારા મોકલજો. એ વાંચીને મને કઇ નવું જાણવા શિખવા મળશે, પછી તમારો પત્ર આવ્યો એનો આનંદ પણ થશે. પાછલા ચાર મહિનાથી આ ભાષા પત્ર હું તમને મોકલી રહ્યો છું, અને વડોદરામાં ભાષા ઓફિસમાં રોજ ટપાલ લઇને જ્યારે પોસ્ટમેન આવે છે ત્યારે રાહ જોયા કરું છું કે તમારો ઉત્તર આવશે અને મને વાંચવા મળશે. ગયા ૪ મહિનામાં કુલ ૬ જણાપાસેથી ઉત્તર વાંચવા મળ્યા. વધારે મિત્રો લખતા થાય તો આનંદ થશે.

એક વ્યક્તિ પત્ર લખે અને, બીજી વ્યક્તિ એનો ઉત્તર મોકલે ત્યારે સંવાદ શરૂ થાય છે. એક વ્યક્તિ બોલે અને સામેથી બીજી વ્યક્તિ એને પ્રતિસાદ આપે તો ભાષા થાય. તમને ખબર છે કે અન્ય પ્રાણી અને માનવી વચ્ચે મુખ્ય તફાવત શું છે ? તમે કહેશો કે માનવીને અન્ય પ્રાણીઓથી બુધ્ધિ વધારે હોય છે. આધુનિક શાસ્ત્રો આ વાતનો અસ્વીકાર કરે છે. અન્ય પ્રાણીઓમાંથી ઘણાં બધાં એવાં હોય છે કે જેઓમાં માનવી કરતાં પણ વધારે બુધ્ધિ હોય છે. બુધ્ધિનું સ્તર મગજના આકાર પર હોય છે એવું માનવામાં આવે છે. તો કેટલાંક અન્ય પ્રાણીઓના મગજનો આકાર માનવીના મગજ થી પણ મોટો હોય છે. સાથે સાથે જ અમુક પ્રાણીઓમાં અમુક ગુણ વધારે વિકસિત હોય છે. જેથી માનવી સૌથી બુદ્ધિમાન પ્રાણી છે એવું માનવું યોગ્ય ગણાશે નહી. તો પછી અન્ય પ્રાણી અને આપણી વચ્ચે શું ફેર છે ? કોઇ કહેશે કે આપણે બધાં કપડાં પહેરીએ છીએ અને અન્ય પાણીઓ કપડાં વગર ફરે છે. પણ એ પાયાની વાત નથી. કારણ કે કપડાં, મકાન, આપણે બનાવેલી અન્ય વસ્તુ એ બધા સમાજની રચનાનું પરિણામ હોય છે. આપણા આદિવાસી ગામડાઓમાં જોઈએ તો પુરાણા જમાનામાં ઓછાં વસ્ત્રો પહેરવાની રીત હતી તે હવે બદલાઈ છે અને વધારે વસ્ત્રો પહેરવાનું શરૂ થયું છે. એનો અર્થ આપની સામાજિક રચના બદલાઈ છે. જેથી કપડાં અને મકાન એ માનવી અન્ય પ્રાણીઓ વચ્ચેના ફેરનાં લક્ષણો નહીં ગણાશે. માનવી અને પ્રાણીઓ વચ્ચે સૌથી પાયાનો ફેર એટલે ભાષા. અહી હું રાઠવી કે કુંકણા ભાષાની વાત નથી કરતો. હું ભાષા એક સામાજિક વ્યવસ્થા, જેને અંગ્રેજીમાં સોશીયલ સીસ્ટીમ કહેવામાં આવે છે એની વાત કરી રહ્યો છું, પછી એ ગમે તે નામથી ઓળખાતી ભાષા હોય. આપણા જેવી ભાષા અન્ય પ્રાણીઓ બોલી નથી શકતાં. એનો અર્થ એ અવાજ નથી કરી શકતાં એવો નથી. એ અવાજ જરૂર કરે છે. કૂતરો ભસે છે, ગાય ભાંભરે છે, ઘોડો હસે છે, પક્ષી કિલકિલાટ કરે છે. પણ માત્ર

અવાજથી ભાષા બનતી નથી. ભાષા ક્યારે બને છે. તો, જ્યારે આપની નજર સામે ઉપસ્થિત ન હોય એવી વસ્તુને પણ શબ્દ દ્વારા બીજી વ્યક્તિ સુધી પહોંચાડવાની તાકાત જે ધ્વનિમાં હોય છે માત્ર એવા જ ધ્વનિને ભાષા કહેવામા આવે છે. દાખલા તરીકે કૂતરા સામે રોટલી મુકો તો એ ભસશે અને આપણને થેંક્યૂ કહેશે. અથવા રોટલી એની સામેથી ખેંચી લો, તો એ ભસશે અને આપણા પરનો ગુસ્સો વ્યક્ત કરશે. પણ ત્યાં રોટલી ન જ હોય તો એ ભસીને આપણને કહી નહીં શકે કે મારે આજે રોટલી ખાવી છે. પણ માનવી એવું કહી શકે છે કે ''તમે દિલ્હી નથી ગયા પણ દિલ્હી મોટું ગામ છે.'' એટલે દિલ્હી શબ્દ જે સાંભળનારાએ ક્યારેય જોયું નથી એવું ગામ આપણી નજર સામે ઉભું કરી શકે છે. એવા શબ્દને , અવાજને ભાષા કહેવામાં આવે છે. જે માત્ર માનવી પાસે જ છે.

જ્યારે પ્રાણીઓની ઉત્ક્રાંતિ થઇ ત્યારે ધીમે ધીમે માનવી એ પોતાના સ્વરક્ષણના ગુણ ધીમે ધીમે ગુમાવ્યા. એના દાંત વાઘ જેવા નથી. એના નખ સિંહ જેવા નથી. એની જીભ સાપ જેવી નથી. એ સસલા જેવું ઝડપથી ભાગી નથી શકતો. એ વાંદરા જેવું કૂદી નથી શકતો. એ મગર જેવો સહજતાથી તરી નથી શકતો. એવા માનવીએ સ્વરક્ષણ માટે ભાષા તૈયાર કરી. પુરાણા સમયમાં, એટલે ખુબ જ પુરાણા સમયની વાત છે, એક માનવીએ અન્યને કહેવાની શરૂઆત કરી હશે, 'સાપ, સાપ ' , 'વાઘ, વાઘ', 'આગ, આગ', 'ઠંડક, ઠંડક'. હવે આવા માનવીને ભયનો અનુભવ સૌથી વધારે તીવ્રતાથી થતો હશે. તેથી એની સ્મરણશક્તિનો વિકાસ થયો. એ કહેવા માંડ્યો ''ગઇ કાલે આગ, આજે ઠંડક, આવતી કાલે વાઘ'' એટલે ભુતકાળ અને ભવિષ્યકાળ શબ્દો દ્વારા જોડાવા લાગ્યા. ટુંકમાં વિવિધ સ્થળ અને વિવિધ કાળ શબ્દોથી જોડવાની તાકાત માનવીએ મેળવી લીધી. એ તાકાતનું નામ છે ભાષા.

માનવી એકઠા રહેવા લાગ્યા, તેઓએ કુટુંબો બનાવ્યાં, તેઓએ સમાજ બનાવ્યો. તેઓએ નિયમ બનાવ્યો કે બધાં જ એકઠાં રહેતાં કુટુંબો અને બધા જ એક સમાજમાં એકઠા રહેવાવાળા માત્ર એક જ પ્રકારના શબ્દો વાપરશે. એટલે એક માનવી કહે કે ''હું દિલ્હી ગયો હતો'' તો સામે વાળાએ કહેવું પડશે કે '' હા ભાઈ તું દિલ્હી ગયો હતો'' ''અને કેવું છે એ શહેર ?'' પણ સામેવાળો કહે કે, ''તુ બિલ્હી ગયો હતો અથવા તું ચિલ્હી ગયો હતો'' તો બે વચ્ચે વાતચીત થઇ શકે નહીં. નક્કી કરેલા શબ્દો અને તેના દ્વારા નક્કી કરેલો અર્થ આ બન્નેનું ચલણવલણ જ્યારે શરૂ થાય છે, ત્યારે જ માનવસમાજ નિર્માણ થાય છે. ત્યાર સુધી ભલે આકારમાં માનવી હોય પણ નક્કી કરેલા શબ્દો અને નક્કી કરેલા અર્થો સિવાયના માનવી અન્ય પ્રાણીઓથી ખાસ અલગ હોતા નથી.

હવે આપણી વાત કરીશું : હું પત્ર લખું છું અને એ પત્રનો મને જવાબ ન મળ્યો, તો મારી જાતને હું માનવીથી થોડો ઓછો છું એવી લાગણી મને થાય છે. હું કહું કે આપણું કામ પ્રગતિનું છે. અને તમારામાંથી કોઇ મને કશો જવાબ ન આપે; અથવા હું કહું કે કોમવાદ ખરાબ છે, અને તમારામાંથી કોઈ કશો જ જવાબ નહીં આપે; અથવા હું કહું કે નકસાલિઝમનો ફેલાવો અટકાવવો જોઇએ, અને તમારામાંથી મને કોઈ કશો જ જવાબ ન આપે; હું કહું કે યંત્રવાદી આર્થિક રચના ખોટાં મૂલ્યો ઉભાં કરે

છે, અને તમારામાંથી મને કોઈ કશો જ જવાબ ન આપે; હું કહું કે આદિવાસી સમાજ જ દુનિયામાટેનું નવું આશાસ્થાન છે, અને તમારામાંથી કોઈ જ જવાબ ન મળે; તો પછી મને એવું લાગે છે હું જે ભાષા બનાવી રૂહ્યો છું એ ભાષા અધુરી છે અડધી છે. એની અંદર અવાજ છે, શબ્દો છે, પણ એ શબ્દોનો અર્થ નક્કી થયો નથી. અથવા એ શબ્દોનો અર્થ મારા દિમાગમાં જે છે તેથી ખુબ અલગ અર્થ તમારા દિમાગમાં છે. અથવા તમારા દિમાગમાં અમુક અર્થ છે, પણ એ હું સાંભળી, સમજી નથી શકતો. દોસ્તો, આવી પરિસ્થિતિમાં આપણે બધા એક કુટુંબના છીએ અને એક જ સમાજના છીએ એવું મારે માનવું પણ હોય તો કયા આધારે ?

આ પહેલાં કપડાંની અને મકાનોની વાત કરી. અને મેં કીધું કે એ તો સમાજવ્યવસ્થાનાં કેવળ  લક્ષણો છે.  માનવીના ઇતિહાસમાં ક્યારેક ક્યારેક એવું બને છે કે લક્ષણોનું મહત્ત્વ વધી જાય છે. ત્યારે દુનિયામાં જે સમાજ તૈયાર થયો છે તેની અંદર વસ્તુ મેળવવી, ગમે તે માર્ગથી, ગમે તે રીતે, અને એનો સંગ્રહ કરવો. આ બન્નેને યશ માનવામાં આવે છે. માનવીની બુધ્ધિનો વપરાશ નિર્બલ સમાજનું શોષણ કરવામાટે થઇ રહ્યો છે. એ શોષણના નવા નવા રસ્તાઓ નિર્માણ કરવામાટે જ તંત્રજ્ઞાનનો વપરાશ થઇ રહ્યો છે. આથી એક માનવીનું માનવી તરીકે જે મહત્ત્વ હોવું જોઈએ તે લગભગ નહીંવત થઇ ગયું છે. આ પરિસ્થિતિ બદલવી પડશે. નહી બદલીએ તો આપણામાંથી જેટલા આર્થિક અને સામાજિક રીતે છેડા પર ખસેડવામાં આવ્યા છે તેઓને આપણો પ્રમુખ સમાજ જીવવાની કોઈ તક આપશે નહીં. આપણા જેવા દેશોને અન્ય વધારે બલવાન દેશો જીવવાની તક આપશે નહીં. અને છેવટે માત્ર એક જ દેશ, માત્ર એક પ્રકારની સંસ્કૃતિ, માત્ર એક જ પ્રકારના વિચાર તમામ દુનિયાપર ઠોકી બેસાડશે. આ પ્રકારની આજે દુનિયા છે. એની સામે પડકાર ઉભો કરવો હશે, એને પ્રતિકાર કરવો હશે તો આપણને ભાષા વિશે સજાગતા રાખવી જરૂરી છે. અહી હું રાઠવી કે કુંકણા ભાષાની વાત નથી કરતો. ગમે તે નામથી ઓળખાતી ભાષા હોય પણ જે કોઇ ભાષા સમાજવ્યવસ્થા બનાવે છે, જેને મેં આ પહેલાં કીધું તે પ્રમાણે સોશીઅલ સીસ્ટીમ કહેવામાં આવે છે, એવા ભાષાની વાત હું કરી રહ્યો છું. ભાષા એટલે શબ્દ દ્વારા અર્થ વ્યક્ત કરવો. તમારા અને મારા વિચારોમાં કોઇ ફેર હોય તો તે વ્યક્ત કરવો. અને તમે પત્ર લખશો નહીં અથવા મારી સાથે વાત કરશો નહીં તો એ અર્થ કઇ રીતે વ્યક્ત થશે. અને આપણી વચ્ચે અર્થનો વ્યવહાર નહીં રહે અને માત્ર વ્યહવાર ખાતરનો જ વ્યવહાર રહે તો આપણી વચ્ચે એક નવી ભાષા કઇ રીતે બનશે ? અને એ પ્રકારની નવી ભાષા, નવો સંવાદ આપણે બધા મળીને ઉભો નહી કરીએ તો દુનિયાને કયું આશાસ્થાન રહેશે?

તમે કહેશો કે ''સર, આ બધી વાતો અમારા ગળે નથી ઉતરતી. તમે ભાષા એટલે શું કહો છો એની સમજણ નથી પડતી. ક્યારેક તમે કહો છો કે, આદિવાસીની ભાષા ટકાવવી જોઇએ. ક્યારેક તમે કહો છો કે, આપણી સંસ્થાનું નામ જ ભાષા છે. પછી તમે કહો છો કે આપણું મ્યુઝીયમ પણ ભાષા મ્યુઝીયમ છે. હવે તમે કહો છો કે આપણી વચ્ચે નવી ભાષા બનાવવાની છે. તો તમને પોતાને તો ભાષા એટલે શું

એ ખરેખર ખબર છે કે ?'' એવા પ્રશ્નો કરશો તો ખુબ સારું લાગશે. એના ઉત્તરો મારી પાસે છે. પણ પ્રશ્ન જ નહી આવે તો કઇ રીતે હું ઉત્તર આપું ? પત્રનો ઉત્તર આપશો એવી આશા રાખું છું.

તમારા કાર્યમાં તમને યશ મળતો રહે એવી ઇચ્છા સાથે,

ગણેશ દેવી

ગણેશ દેવી